अथ सिमंतिनी.

(वसंततीलकावृत्त)

૨૪૩૯

વંદૂ ગણાધિપતિ વિઘ્ન વિનાશકારી,
(જે) આપે સહાય સહુ દૂષણને નિવારી;
દારિદ્ર દુઃખ હરતા ઉમયાપતીને,
સાષ્ટાંગ દંડવત હું કરૂછું નમીને. ૧

ભૂદેવ! સાંભળ કહે સુત એક ચીત્તે,
આ સોમવાર વૃતનો મહિમા કહું તે;
ભોળા શ્રિશંકર વ્રતે કંઇ કષ્ટ વામ્યા,
વૈકુંઠ કેક નિચ શંભુ કૃપાથિ પામ્યા. ૨

અયોધ્યાવૃતે નૃપતિ એક પ્રતાપિ ભારે,
ધાએ સહાય દિન દુખિઆની વહારે;
યજ્ઞો કરે નવનવા સુત પામવાને,
તો'યે ન પુત્ર પ્રસવ્યો ઉદરે પ્રિયાને. ૩

(પછી) વેદાદિ વીધિ થકિ શિવ પુજ્યા ઉમંગે,

ત્યારે થઇ દિકરીં એક રૂપાળિ અંગે;
આનંદ ઉત્સવ ઘરોઘર થૈ રહ્યાછે,
દેવા વધામણિ બધે દ્વિજ પાડ્યાછે. ૪
વંઝયા મટી મહિષીં પુત્રીં વતી થઇછે,
સૌ રાણિથી અધિક રાયનિ માનિતીછે;
આભૂષણો નવલ પૌરજનો ધરેછે,
દિર્ઘાયુ થાવ સહુ આશિશ એમ દેછે. ૫
તેડયા અનેક દ્વિજ દેશ પ્રદેશ કેરા,
દેખાડવા ગ્રહ શુભાશુભ પુત્રીં કેરા;
વિપ્રે રૂડાં ગણિતશાસ્ત્ર વડે ગણીને,
સૌ જન્મલગ્ન ગ્રહભાવ કહ્યા મળીને. ૬
વિપ્રો—સીતાસમી પતિવ્રતા શિવ ભક્ત થાશે,
પૂરો વયે શિવપુરે પતિ સંગ જાશે;
દેવાંશિ અષ્ટ સુતની જનિતા થશે એ,
મૈત્રીનિ સંગત થકી શિવ પૂજશે એ. ૭
આ રીદ્ધિસીદ્ધિ વળીં સંતતિ પામશેએ,
આશ્રીત સર્વ જનનાં દુઃખ કાપશેએ;
ભોગોપભોગ પતિસંગ અનેક લેશે,
વાકેશ્વરી છેલ વચ્ચે ભવ નામ રે'શે. ૮
પાડ્યું સુયોગ થકિ નામ સિમંતિની ત્યાં,
આનંદથી કનકદાન દિધાં નૃપે ત્યાં;

છે વૃદ્ધ વિપ્ર વદિયો નૃપ મોટિ હાની,
એ પુત્રી આઠ વરશે વિધવા થવાની. ૯
અત્યંત શોકરૂપિ બાણવડે વીંધાયો
દૂઃખે ઘણો નૃપતિ હોય થનાર થાઓ;
પ્રાસાદમાં રમતિ તાત તણા કુમારી,
નાની પરંતુ રૂપમાં રૂડિ કિન્નરાણી ૧૦
(૯'i) સાહેલિ એક વદિ બેન! સુણી કુવાણી,
પાણી થશે તું વિધવા થઇ રાય રાણી;
આવું સુણી રૂદન શોક ઘણો કરીને,
યજ્ઞાત્રિને કહ્યું જઈ ચરણે નમીને. ૧૧
સીમંતીની—આવિધ્વ દુઃખ તણો ઝાળ મટાડવાને,
આવી હું માત! વ્રત કોઇ ઉપાસવાને;
યજ્ઞાત્રિ કે' પકડશો બુડતાં તું હાથ,
શેવો સુતા! નિત નિરંજન ગૌરિનાથ. ૧૨
યજ્ઞાત્રી——આશીશ હો પ્રભુ તણી સહુ દુઃખ વામો,
આ શિવ શક્તિ ચરણે જઇ શીશ નામો;
ભોળાશ્રિ શંકર તણો મહિમા વધારે,
પ્રાશ્વીત જાય શિવને જળ જે ચઢાવે. ૧૩
પૈસે ટકે સુખિ રહે બિલિ જો ચઢાવે,
પામે સુસીદ્ધિ કહિ પૂષ્પ પિળાં ચઢાવે;
ઘી દીપકે તનય થાય, પુજે પ્રભાતે,—

તો, રાજ ભોગ થકિ ભોગ લહે ભલાતે. ૧૪
તામ્બુલ અર્પણ કર્યે નવ થાય રાગો,
જાચ્યે પુરે મનતાણી શુભ વાંચ્છનાઓ;
એવાં ઘણાંક ફળછે શિવ પૂજવામાં,
(માટે) રે'જો સિમંતિની હવે જપ જાપવામાં. ૧૫
આ'વી રિતે દિન ગયા શિવ પૂજવામાં,
કાળે કરી કુંવરિ આલિ પછી યુવામાં;
ગંભીર [1]પુષ્પવતિ પુત્રી નૃપે નિહાળી,
તેઠયા અનેક નૃપ પુત્ર નૃપે વિચારી. ૧૬
જે સૂર્યવંશી નળ નૈશાધ દેશ કેરો;
પ્રખ્યાત સૂત નળ તે નળનો ઘણેરો;
[2]ચંદ્રાંગજારિ ક્ષયને કરનાર શૂરો,
જે કામ દેવ સમછે રૂપ માંહિ પૂરો. ૧૭
તેની સિમંતિની થઇ પ્રિય પ્રાણ પ્યારી,
રાખ્યો નૃપે કુંવર પુત્ર સમાન ધારી;
પે'રામણી ઘણિ મણી તણિ કીધ સારી,
વિદ્વાનને સુમણીદાન દિધાં વિચારી. ૧૮
આષાઢ માંહિ યમુના પરિપુર્ણ પૂરે,
ના'વા ગયા કુંવર ખંડિત નાવ બૂરે;

---

૧ પુષ્પવતિ=સ્ત્રીધર્મમાં આવેલી.
૨ અરિ ક્ષયને કરનાર શૂરો ચંદ્રાંગજ.

નાવે ચઢી સુ-હૃદ સાથ ગયા પુરે જ્યાં,
ડોલી બુડયું પવનથી જળ મધ્યમાં ત્યાં. ૧૯
કોને ગળ્યા મઘરિએ જળમાં બુડયા કો
કો રેતમાં કળિગયા મડદાં જડયા કો;
નંખાવિ જાળ જળમાં તરનાર નાંખ્યા,
તો'યે સિમંતિની પતી નહિ હાથ લાગ્યા. ૨૦
હા! કોપ હા! ગજબ એ તીર લોક બોલે,
રંડાઇ હાય! સુતનું દુઃખ હા! અતોલે;
બેભાન ચીત્તવરમા તીરમાં રડેછે,
સૌ નગ્રવાસીજન શોક ઘણો કરેછે. ૨૧
"રે! હાય! હાય! પિઉ હાય!" સિમંતિનાતો,-
બોલે ન હાય વિણ શબ્દ બિજો સતીતો;
પાંથીક પક્ષી પશુને જન રોઇ જોતાં,
મૈત્રી રડયે નૃપતિ લોક વિહંગ રોતાં. ૨૨
કો' પ્રાશકે મરિ જશે સમજાવી લાવો,
શાણાં સિમંતિની હવે પુરમાંહી આવો;
મૈત્રી કહે ન વૃત શીવનું ભંગ થાશે,
દુ:ખે સિમંતિની વદી વૃતતો પળાશે. ૨૩
આ વાત નૈષધપુરે ગઇ પુત્ર બુડયો,
કે ચંદ્રસેન દુઃખ સાગર માંહિ ડુબ્યો;
ચંદ્રાંગદારિ હરખ્યા, પદ ભ્રષ્ટ કીધા,-

ને ચંદ્રસેન નૃપને કરિ કેદ લીધા. ૨૪
કારાગૃહે દિલદમે દિન રાત્રિ શોકે,
કીધો ઘણો નગર શોક નિવાશિ લોકે;
વેઠે ઘણું દુઃખ સિમંતિની વીધવા થૈ,
મૂકે ન તો'ય વૃત શંકર કિંકરી થૈ. ૨૫
ના'વા જતી સુતનુ સોમ દિને નદીએ,
ત્યાં દાન દેતી દ્વિજને ધનનું પ્રીતિએ;
વિપ્ર—સૌ ભાગ્યશો' દુઃખ અખંડ વપતીનું વામો
મોટા પરાક્રમિ રૂડા સુત આઠ પામો. ૨૬
સીમંતી—આ'વું સુણી પછી રોસે વદિ વિપ્ર સાથે,
પીટયા શું અંધ નથિ કંકણ મુજ હાથે;
વિપ્ર—જાણું તુ સ્વામિ યમુના જળમાં બુડયો છે,
તે રાય તીક્ષત પુરે હજી જીવતો છે. ૨૭
દૈને કપાળ નિજ હાથ વદી કુમારી,
છે એમતો કયમ થઈ ગતિ આ'વિ મારી;
લજયા તજી પુછયું સિમંતિનીએ પછી ત્યાં,
કો'બ્રહ્મદેવ નૃપ છે હજી જીવતા કયાં.? ૨૮

इति प्रथमोऽध्यायः

(द्वीतीयोऽध्याय.)

(वसंततिलकावृत.)

સુત—સૌભાગ્ય સૂ.મ હતુ જો બઇને કપાળે,
બુડી ગયો કુંવર એ નિકળ્યો પતાળે;
.પાતાળમાં નિકળિને યમુના કિનારે,
આશ્ચર્ય આશુ વહિ બાળ પડયો વિચારે. ૨૯
ફર્તો વિચાર કરતો સરિતા કિનારે,
દીઠો અલૌકિક ભુપાત્મજ નાગનારે;
કે' "કોઇ યક્ષ બીજો કિન્નર કે સુરાંશી.
અન્યોન્ય એમ સહુ તર્ક વિતર્ક કર્તી. ૩૦
આવી સમીપ પછી જયાં સુત એ હતો ત્યાં,
ને લાગી એમ પુછવા, પછી ક જશો ક્યાં;?
બોલ્યો કુમાર યમુના જળમાં બુડયોછુ,
હું ઊગર્યો પ્રભુ થકી અહીં આવિયોછું. ૩૧
આવું સુણી યુવતિઓ સહુ હર્ષ પામી,
ઊભો કુમાર યુવતી પદને પ્રણામી;
પ્રેમે પછી કુંવરને કહ્યું નાગનારે,
ચાલો કુમાર અમ સાથ પુરે અમારે. ૩૨
આનંદ ભેર સુતને લઇને નિવાસે,-

આવ્યાં પછી સરવ તીક્ષત નાગપાસે;
ભુપાળસૂત સહ સંપુટ હસ્તવાળી,
ઊભી સહુ યુવતિઓ નજરે નિહાળી ૩૩
શ્રીતીક્ષતે પછી પુછ્યું પ્રિય નારીઓને,
લાવ્યાં તમો કહાંથી આ સુતનેકહોને;?
નાગણો—નાંવા ગયાં પિઉ હતાં નદીએ તહીંથી;
દીઠો અમે કુંવર ગૌતમ આ દુરથી. ૩૪
આવ્યાં નિહાળિ રૂપને ગુણનો ભરેલો,
છે એ ભુપાળ સુત કો નદીમાં ફુલેલો;
શ્રીતીક્ષતે સમિપ તેડી પુછ્યું પ્રિતેથીં.
કો' કેમ આવવુ થયું અહીં શો રિતેથીં.?૩૫
છો કોણ કોણ નગરે તમ રાજ રાચે,?
હેવાલ કો' કયમ તજ્યું ઘર કોણ કાજે.?
કુંવર—હું સૂર્યવંશિ સુત નૈષધ રાય કેરો,
છું પૌત્ર ભૂમિ નળનો હમણાં તમારો. ૩૬
પરણ્યોહું ચોત્તવરમા કુળવંત કેરી,
પુત્રી સિમંતિનીનિ સાથ પ્રીતે ઘણેરી;
ભૂપાળને સુત નથી સુત તેથી હુંને
રાખ્યો સમાન ગણિને નિજ નગ્ર માંહે. ૩૭
આપ્યું સુરાજ મુજને સહુ ગાડિવાડી,
રાખેછ છાતીપર રાય મને રમાડી;

કો વાતની હતિ નહીં નૃપની મનાઇ,
તેથી ગયો નદિ પુરે લઇને પનાઇ. ૩૮
મધ્યસ્થળે ભરપુરે ડુબિ હોડિ મારી
ત્યાંથી સ્મૃતી નથિ મને કહુ શું વધારી;
કલ્યાણકારિ તમ દર્શન તાત કીધાં,
છે ધન્ય ધન્ય મુજ પાતક બાળિ દીધાં. ૩૯
આ આપ રમ્ય નગરી નિરખી હિતાર્થ,
હું છું થયો મહીપતી અતિશે કૃતાર્થ;
આભારિછું અધિક નાથ તણો તમારી,
(હવે)પૂરી કરો ભુધર! આશ જવાની મારી ૪૦
તીક્ષત--કો'ની કુમાર કુળ દેવિ તમારી કો છે,?
કો દેવ શેવપર વૃત્તી તમારિ રે' છે;
કુંમાર--નીષ્યામ્બુનું વિષ હળાહળ ધારનાર,
ભક્તોની આશ વરદાનથિ પૂરનાર. ૪૧
કૈલાશવાસિ ઉમયાપતિ ઇષ્ટ મારો,
પાદામ્બુજે શિવ તણે પ્રિત ધારનારો.
શાણી સિમંતિની સદા ગવરી પુજે છે,
પ્રીતેથિ સોમવૃત શંકરનું કરે છે. ૪૨
તીક્ષત--જો જાણતુ હોત શિવ ભક્ત પધારશે તો
હું આવતે સનમુખે સતકાર કર્તો;
છે ધન્ય આ ઊગતને દિન ધન્ય આજે,

કે શિવભક્ત મુજ ધામ વિષે વિરાજે. ૪૩
આવી ચઢયા પ્રગટિયું શુભ પુન્ય મારૂં,
માટે વસો કુંવર આ સહુ છે તમારૂં;
નાના પ્રકાર સુખ ભોગવિભોગ માણો
નાના પ્રકાર સુખ ભોજન ભાવિ આણો, ૪૪
રે'શે કુમારિ પ્રીતથી તમ દાસ થૈને,
રંગે રમો ભુવન આ નવરંગ લૈને;
આ રંગ મે'લ રથ અશ્વ ગજાદિ કેરા,
માણો વિલાસ નૃપતી રહિ એ' ઘણેરા. ૪૫
આ સાંભળી કુંવર કે' મુજને વરેલી,
વ્હાલી સિમંતની હશે વિધવા થએલી;
શાણી સિમંતિની પિતા ભુવને હજી છે,
જાણે ન સાસરૂં કશું હમણાં વરી છે.૪૬
અત્યંત શોક પુરમાં સહુને હશેજી,
મારા પિતા ગરિબ માત મુઆં હશેજી;
પ્યારીનો માત વળિ તાત ન જીવશેજી,
માટે કૃપા કરિ રજા કરશો હવેજી. ૪૭
આ'વુ સુણી ભુજંગ ત્યાં અતિ ખેદ પામ્યા,
કષ્ટે પરંતુ પછી હર્ષથી પ્રીત પામ્યા;
આપ્યાં સુઅમ્બર, મણી શશિ તેજ જેવો,
આપ્યો વળી હય રૂડો મન'વેગિ તેવો.૪૮

નાગાણુ—એ એકલા કુંવર નાથ જશે શી રીતે,?
ત્યારે દિધો શુભ અનુચર દૈત્ય પ્રીતેઃ
આજ્ઞા લિધા નૃપતિએ નમિને પ્રણામે,
આશીર વેણ વદિયાં સહુકો સુટાણે. ૪૮
ચાલ્યા ચઢી હયપરે લઇ સર્વ સાથે,
આપેલ ભેટ સહુની ધરિ દૈત્ય માથે;
આવી વિદાય કરિ કામિનિ હર્ષ પામી
કીર્તી કુમાર તણિ દેશ પ્રદેશ જામી. ૫૦
શોભા અલૌકિક પુરી તણિ રમ્ય કોડે
જોતા ગયા પુર થકી ચઢિ રાય ઘોડે
આ રીદ્ધિ સીદ્ધિ નગરી ધનવાન કેરી
છે આ ખરે પુરાણ ઇંદ્ર પુરીજ જેવી. ૫૧
શા રમ્ય મે'લમણી સ્ફાટિકથી પુર્યાછે,
ઉંચી અટારિ શિખરેપતિકા જડયા છે;
શા રમ્ય માર્ગ શુભ તીક્ષતપૂર કેરા,
ને હારહાર પ્રદિપો પ્રજળે ઘણેરા. ૫૨
આવ્યા સ્વદેશ યમુના તણિ તીર પાર,
ત્યાં સાસરૂં નિરખિને હરખ્યા કુમાર,
આનંદથી કુંવર અશ્વ તિરે નચાવે,
વ્હાલી સિમંતિની ઘડી ઘડી યાદ આવે ૫૩
તેવે સિમંતિની સખી સહુ સોમવારે,

આવીતિ સ્નાન કરવા નદિને કિનારે;
ખેલાવતાં હય સિમંતિનીએ નિહાળ્યો,
ત્યારે કહ્યું સખી દિસે નૃપકો રૂપાળો. ૫૪
એને નિહાળિ સખી અંતર ઊછળે છે:
એ સ્વામિ હોય ત્યમ આ મન સૂચવે છે;
રૂપે ગુણે વય વિષે મળતો દિસે છે,
એ એજ છે અલિ સખી પુછ ક્યાં પળેછે.? ૫૫
સ્વામી સુરત્ન સખી રંક કુ હાથ આવ્યું,
તોયે અભાગિ કરમે કરથીગુ માવ્યું:
સાહેલિ હાય! કરમે દુઃખ ક્યાં લખાવ્યું,
બોલી પછી ન પ્રતિમા રૂપ જેમ આવ્યું. ૫૬
છૂટા પડયા શિરજ[1] ચંદન ધારિ બાળા,
સૌભાગ્ય હીણ મુખ [2]પાંડુર કંઠ માળા;
એવી સિમંતિની દિઠી વિધવા કુમારે,
અશ્વેથિ ઊતરિ ગયા પ્રિય પાસ ત્યારે. ૫૭

इति द्वितीयोऽध्याय:

---

૧ શિરજ=કેશ. ૨ પાંડુર=પીળાશમારતું.

(તૃતીયોऽध्याय)

વસંતતિલકાવૃત.

જૈને પુછયું કવણ જાત કુમારિકોનાં,
છો કેમ દૂર્ભગ હતાં પ્રથમે રૂપાળાં?
રે! વીધ્વ મુગ્ધ તમ આ પુરમાં વસોછો,
કો દેવ શોવ કરવા વપુ આ ક્ષમોછો.? ૫૮
બોલી સખી નૃપ સુણો સખી આ અમારી,
પાણી ભુપાળ થઇ નૈષધ પ્રાણ પ્યારી;
રાખ્યો કુમાર અહીં સ્નેહ વધારવાને,
શું છે ભુપાળ વધુ કારણ પૂછવાને.? ૫૯
સીમંતીની-શાને પ્રદેશ ફરિ દેહ દમો પ્રયાસે,
કો દેશના નૃપતિ પાંથિક છો પ્રવાસે:?
આ કોણ દૈત્ય, તમ માનવ રાજવંશી,
આવ્યાહું કયાંથિ ફરિ કયાં જવુછે સુરાંશી.? ૬૦
આ'વાં સુવાકય વદતાં નયને ભરાયાં,-
આંસુ, સિમંતિની ધરા પડતાં બચાવ્યાં;
ક્યાં દુઃખછે તમ તપે શિવરાય ડોલ્યા;
"ધીરાં ધરો, ધિરજ" નૈશધ નાથ બોલ્યા. ૬૧
કુમાર-તું સ્વામિને મળિશ છૂટિ વિયોગમાંથી,
રાણી સિમંતિની હવે શિવની કૃપાથી;
એ આવશે સતી કને તમ અલ્પકાળે,
કેતો દિઠો મુતનુ! તું પ્રિય મેં પતાળે. ૬૨

આલ્યા પછી તહીંથિ નૈષધ માર્ગ ઝાલ્યો,
થોડે દિને સુખથિ તાત સ્વદેશ ભાળ્યો;
ના'યા પછી સુતનુ ગૈ ગુપચૂપ જયારે,
આવી પછી ખબર મંગળ રાજદ્વારે. ૬૩
જામાત્ર તીક્ષત પુરી થકિ આવિયાછે;
એવી વધામણિ ઘણા જન લાવિયાછે;
નારી સિમંતિની કને, વળિ રાય પાસે.
લેવા વધામણિ ઘણી ભિડ થૈ નિવાસે. ૬૪
ત્યારે વદી સખી સિમંતિનીની ઉમંગે,
ને, થાય નક્કિ હરષોત્સવ રંગ રંગે,
આ'વે વૃતે કુંવરિનું દ્રઢ ચીત્ત જોવા,--
આવે સ્વરૂપ બદલી રજનીચરો વા. ૬૫
ભૂપોપહાસ્ય કદિ થાય અમાપ મોટું.
માટે વિચાર વિણ આ હરખાવુ ખોટું;
આ ભાસ્ય સાંભળી બધું પુર ક્ષોભ પામ્યું,
હર્ષે પરંતુ પછી સર્વનુ દુઃખ વામ્યું. ૬૬
આવી રહ્યા ઉપવને પુર બા'ર પોતે,
જોવા સભા રિતિ નિતી દુત મોકલ્યો તે;
જૈ દૈત્ય વ્યષ્ટિ કરતો નૃપને કહેછે,
"કો રાય યુદ્ધ કરવા તમશું ચહેછે. ૬૭
આંણું નમાવિ શિશ કો' તમ દાસ હુંછું,
તોતો બચો નૃપતિ તીક્ષત દૈત્ય હુંછું;"

લોકે કહ્યું વળિ હવે જઇ શીશ નામો,
તોતો બચો નૃપતિ સૌખ્ય સદાય પામો. ૬૮
જે ચંદ્રસેનચરણે, શિશ તો નમાવ્યું,
ત્યારે નૃપે કરિ દયા વરદાન આપ્યું;
આલ્યા તમામ જન પૌર કુમાર લેવા,
(જ્યાં) વારાંગના કરતિ નાચ વિવાહ જેવા. ૬૯
આવ્યે કુમાર હરખ્યા નૃપતી ઘણેરા,
જોવા મળ્યા જન ઘણાક કુમારકેવા;
ત્યાં ચંદ્રસેન વદિયા દૂત મોકલાવો
અલ્યાવૃતે ખબર હર્ષનિ પોંચડાવો. ૭૦
તૈઆર દૈત્ય કરિને પછિ મોકલાવ્યો,
આનંદની ખબર તે લઇ ઘેર આવ્યો;
હર્ષ સિમંતિનીં વધ્યાં સખી આ ઉમંગે,
આપોઃ વધામણિ હવે રગિ આજ રંગે. ૭૧
આપો સુખબર માગી જન જેહ આવ્યો,
આનંદ ઉત્સવ બધા પુરમાં કરાવોઃ
આનંદ સ્નેહિ જનના મનમાં થયોછે.
શ્રીનાગતીક્ષત દયા થકિ ગો જીવ્યોછે. ૭૨
કંકોતરી લખિ નૃપે પરદેશ કેરા,
તેડ્યા અનેક નૃપને રૂષિઓ ઘણેરા;
કૈલાશથી ગવરિને શિવરાય આવ્યાં,
કીધાં સુલજ્જ કરિ પૌરજને વધાવ્યાં. ૭૩

આપ્યાં ઘણાંક દ્વિજને મણીદાન રાયે,
કીર્તી તણાં વચન બંધિજનો કહાવે;
પહ્રચ્યાં સિમંતિની પછી, અતિ નેહધારી,–
પે'લાં નમ્યાં ગવરિને ચરણે પધારી. ૭૪
શૈલાત્મજા હરખિ મૌક્તિક હાર આપ્યો,
રે'જો અખંડ સતિ દંપતિ બોલ થાપ્યો;
મંદારમાળ શિવની અતિ વાસ વાળી,
તે પે'રિ રમ્ય વળિ આ સુતનું રૂપાળી.– ૭૫
ચાલી સખી સહ પછી ભુવને પિતાને,
ઉલ્હાસ ભેર સખી મંડળ સાથ જાને;
સૌભાગ્યવંતિ તનયા પતિસંગ દેખી,
આ રાય રાણિ ઉઠિયાં નિજ આસનેથી. ૭૬
બેસાડિને કુંવરને નિજ આસને ત્યાં,
આપ્યું તમામ ધન રાજ નૃપે પછી ત્યાં;
એ રાય રાણિ પછિ આસનથી ઉઠીને,
સન્યસ્ત ધારિ વનવાસ ગયાં ચહીને. ૭૭
કીધું ઘણાં વરસ રાજ્ય રૂડી રિતેથી,
પામ્યાં અધીક સુખ દંપતિ એ પ્રિતેથી;
બંન્ને રહ્યાં અમર આ વૃતને પ્રતાપે,
તે સોમવાર વૃત સૌ તણુ દુઃખ કાપે. ૭૮

इति तृतीयोऽध्यायः

समाप्त

